| | | |
|---|---|---|
| RECEIVED ONE | | 10-03-2026 |
| REGISTERED ON | | 10-03-2026 |
| DECIDED ON | | 17-03-2026 |
| DURATION | | |
| YEAR:00 | MONTH:00 | DAYS:07 |

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

## ફોજદારી પરચુરણ અરજી નં. ૩૯૭/૨૦૨૬

**Ex - 06**

**શ્રી વિપુલભાઈ બાબુભાઈ દેસાઈ,**
ઉ.વ.૩૫, વ્યવસાય-નોકરી,
રહે. એફ-૨૦૩, શ્રી રંગ નેનો સીટી,
ગાંધીનગર. ........ **અરજદાર**

**V/s**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** ........ **સામાવાળા**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**
અરજદાર તર્ફે વિ.વકીલશ્રી ડી.જે.શાહ,
સરકાર તર્ફે શ્રી. એચ.એન.રાવલ.

**એ.સી.બી. પોલીસ સ્ટેશન ગાંધીનગર ગુ.ર.નં.૧૬/૨૦૨૫ ,**
**ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા અધિનિયમ-૨૦૧૮) ની કલમ-૭, ૧૨, ૧૩(૧), તથા ૧૩(૨) મુજબ**
**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## -:: જ જ મે ન્ટ ::-

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે એ.સી.બી. પોલીસ સ્ટેશન ગાંધીનગર ગુ.ર. નં.૧૬/૨૦૨૫, ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા અધિનિયમ-૨૦૧૮) ની કલમ-૭,૧૨,૧૩(૧), તથા ૧૩(૨) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારોના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, અરજદાર/આરોપી તા.૧૫/૧૨/૨૦૨૫ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજુ કરેલું છે. જેનો સ્પે.એ.સી.બી. કેસ નં.૪/૨૦૨૬ છે. અમો અરજદાર તરફથી હાલની આ પ્રથમ જામીન અરજી રજુ કરેલી છે. અન્ય કોઈ જામીન મેળવવા માટે અરજી રજુ કરેલ નથી. સમગ્ર તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલી છે. તેથી જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, હાલના અરજદાર સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર ખાતે આર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. આરોપી નં.૧ નાઓ પાસે સી.આઈ. ડી. ક્રાઈમ, ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૨૨/૨૦૨૪ ની તપાસ હતી. જેમાં આ કામના અરજદાર/આરોપી, આરોપી નં.૧ નાઓને મદદ કરી રહેલા હતા. જેમાં ગેરકાયદેસર લાંચની રકમની માંગણી કરેલાનો આક્ષેપ છે. આ બાબતે તપાસ દરમ્યાન રજુ થયેલ ચાર્જશીટ પેપર્સ ધ્યાને લેતાં અમો અરજદારે ફરીયાદી પાસેથી કોઈ રકમની માંગણી કરેલી હોય, સ્વીકારેલી હોય અને મળી આવેલી હોય તેવી હકીકત રજુ થતી નથી.

**૨.3** વિશેષમાં જણાવે છે કે, આ ગુનાના અન્ય આરોપી નં.૧ ને નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિ.પ.અ.નં. ૫૮૫૪/૨૦૨૬ માં જામીન મુકત કરવાનો આદેશ કરેલ છે. તે હકીકત ધ્યાને લઈ ઓફ ઓફ પેરીટીના સિધ્ધાંત મુજબ અરજદારને પણ જામીન ઉપર્ુકત કરવા અરજ કરેલ છે.

**૨.૪** વિશેષમાં જણાવેલ છે કે, સમગ્ર તપાસ પૂર્ણ થઈ ગયેલી છે. કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે. સ્થાનિકના રહેવાસી છે. કેસની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે. સજાની જોગવાઈ ધ્યાને લેતાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ અમોને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**3.૧** વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર સી.આઈ.ડી.ક્રાઈમ, ગાંધીનગર ખાતે આર્મ પો.કોન્સ્ટે. તરીકે ફરજ બજાવતા હતા. તે સમય દરમ્યાન આરોપી નં.૧ પાસે સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૨૨/૨૦૨૪ ની તપાસ

હતી જેમાં અરજદાર/આરોપી તપાસમાં મદદ કરી રહેલા હતા. જેમાં ફરીયાદી અને અન્ય વ્યકિતઓ સામે આગળની કાર્યવાહી ન કરવા બાબતે ત્રણ કરોડ રૂપિયાની રકમની માંગણી કરવામાં આવેલી છે. ત્યારબાદ રૂા.૩૦,૦૦,૦૦૦/- નકકી કરવામાં આવેલા હતા. અને તે મુજબ હાલના અરજદારે આ રકમ સ્વીકારેલી છે અને રેઈડ દરમ્યાન તપાસ કરતા રૂા.૩૦,૦૦,૦૦૦/- નાણા સાથે મળી આવેલ છે. જેમાં અરજદાર/આરોપી એ ફરીયાદી પાસેથી લાંચના નાણા ભરેલ પ્લાસ્ટીકની થેલી લઈ પોતાની ફોર વ્હીલ ગાડીમાં ડ્રાઈવરની સીટની પાછળના ભાગે સીટ ઉપર મુકતા પંચો રૂબરૂ રીકવર કરવામાં આવેલ છે. આ હકીકત ને વિશેષ સમર્થન રેઈડ દરમ્યાન અને તે પહેલા ફરીયાદી અને અરજદાર સાથે જે હેતુલક્ષી વાતચીત ટેલીફોનીક થયેલી છે તેનું રેકોડીંગ ધ્યાને લેતાં સમર્થન પ્રાપ્ત થાય છે. જેથી હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલા હોય તેમ પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, આજ ગુનાના અન્ય આરોપી નં.૧ ને નામદાર ગુજરાત હાઈકોર્ટે જમીન ઉપર મુકત કરવાનો આદેશ કરેલ છે. પરંતુ તેમનો રોલ અને હાલના અરજદાર/ આરોપીનો રોલ ધ્યાને લેતાં અલગ-અલગ હોવાનું જણાઈ આવે છે. હાલના અરજદાર/ આરોપી ફરીયાદી પાસેથી મોટી રકમની માંગણી કરેલાનું અને સ્વીકારતા મળી આવેલા છે અને તે નાણા પણ રીકવરી થયેલાછે. જેથી લો ઓફ પેરીટીના સિધ્ધાંત મુજબ હાલની જામીન અરજી ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સી.આઈ.ડી. ક્રાઈમ, સી.આઈ. સેલ. યુનીટ-૩, ગાંધીનગર ખાતે જાન્યુઆરી ૨૦૧૮ થી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ કરવાનું પ્રોત્સાહન મળે તેમ જણાય છે. તેમજ હાલના અરજદાર કેસની કાર્યવાહી દરમ્યાન પણ હાજર ન રહે તેમ જણાય છે. જેથી ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ હોય જેથી હાલની આ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૪. બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપી સામે સામે એ.સી.બી. પોલીસ સ્ટેશન ગાંધીનગર ગુ.ર. નં.૧૬/૨૦૨૫, ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ–૧૯૮૮ (સુધારા અધિનિયમ–૨૦૧૮) ની કલમ–૭, ૧૨, ૧૩(૧), તથા ૧૩(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.
- ફરીયાદીની હકીકત એવી છે કે, સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૨૨/૨૦૨૪, તા.૨૫/૧૦/૨૦૨૪ થી દાખલ થયેલા ગુનાની તપાસ આરોપી નં. (૧) પેથાભાઈ કરમશીભાઈ પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, સી.આઈ.ડી.ક્રાઈમ, સી.આઈ. સેલ.યુનીટ–૩, ગાંધીનગર નાઓ કરી રહેલ હતા અને આરોપી નં.(૨) વિપુલકુમાર બાબુભાઈ દેસાઈ, આર્મ પો.કોન્સ. સી.આઈ.ડી.ક્રાઈમ, સી.આઈ.એલ. યુનીટ–૩, ગાંધીનગર નાઓ આરોપી નં.(૧) ને તપાસમાં મદદ કરી રહેલ હતા. સદર ગુનાના કામે ફરીયાદીશ્રી તથા ફરીયાદીશ્રીના મિત્રો વિરુધ્ધમાં કોઈપણ પ્રકારની કાર્યવાહી નહી કરવા સારૂ આરોપી નં.(૨) એ ફરીયાદીશ્રી સાથે હેતુલક્ષી વાતચીત કરી, રૂા.૩૦,૦૦,૦૦૦/– લાંચની માંગણી કરેલ. જેથી ફરીયાદીશ્રી આ લાંચની રકમ આપવા માંગતા ન હોય એ.સી.બી.નો સંપર્ક કરતા, ફરીયાદીશ્રીની ફરીયાદના આધારે લાંચના છટકાનું આયોજન કરવામાં આવેલ. જે લાંચના છટકા દરમ્યાન આરોપી નં.(૨) એ ફરીયાદી શ્રી સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચની માંગણી કરી, સ્વીકારી પકડાઈ ગયેલ. જે ટ્રેપ દરમ્યાન આરોપી નં.(૧) એ લાંચના છટકા દરમ્યાન લાંચની રકમ સ્વીકારવા બાબતે સમંતિ આપેલ હતી. આમ, બન્ને આરોપીઓ એકબીજાના મદદગારી કરી, ભ્રષ્ટ્રાચાર આચરી ગુનાહીત કૃત્ય કરેલ છે. બાદ આરોપી નં.(૧) પેથાભાઈ કરમશીભાઈ પટેલ, પી.આઈ., સી.આઈ.ડી. ક્રાઈમ, સી.આઈ.એલ., યુનિટ–૩, ગાંધીનગર તથા (૨) વિપુલ ભાઈ બાબુભાઈ દેસાઈ, આર્મ પો.કોન્સ. સી.આઈ.ડી. ક્રાઈમ સી.આઈ.એલ. યુનિટ–૩, ગાંધીનગર નાઓને તા.૧૫/૧૨/૨૦૨૫ ના કલાક ૧૮.૩૦ વાગ્યે ઉપરોકત ગુન્હાના કામે અટક કરવામાં આવેલ.

- રજુ થયેલ ચાર્જશીટ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર સી.આઈ.ડી.ક્રાઈમ, ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં આર્મ પો.કોન્સ્ટે. તરીકે ફરજ બજાવતા હતા. અને તે દરમ્યાન ગુ.ર. નં.૨૨/૨૦૨૪ ની તપાસ આરોપી નં.૧ કરી રહેલા તેમને અરજદાર તપાસમાં મદદ કરી રહેલા હોવાનું જણાય છે. આ તપાસ દરમ્યાન ફરીયાદી તેમજ અન્ય વ્યકિતઓને ઉપરોકત ગુનામાં આરોપી તરીકે અટક ન કરવાના બદલે રૂપિયા ત્રણ કરોડની માંગણી કરવામાં આવેલી છે. અને ત્યારબાદ રૂા.૩૦,૦૦,૦૦૦/- લાંચના નાણા પેટે નકકી કરેલા હોય અને તે રકમ આ કામના અરજદાર/આરોપી સ્વીકારી પકડાઈ ગયેલા હોય તેમ જણાય છે. આ હકીકતને વિશેષ સમર્થન ફરીયાદીશ્રી ને સાથે રાખીને રેઈડની કાર્યવાહી કરેલી છે તેમાં આ કામના અરજદાર અને ફરીયાદી વચ્ચે થયેલ વાતચીતના રેકોર્ડીંગ ધ્યાને લેતાં સમર્થન પ્રાપ્ત થાય છે. જેથી હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલા હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.
- અરજદાર તર્ફે તેમના વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અન્ય આરોપીનં.૧ ને ક્રિ.પ.અ. નં. ૫૮૫૪/૨૦૨૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જામીન ઉપર મુકત કરેલા હોય તેથી અરજદાને પણ જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. પરંતુ રેકર્ડ તેમજ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ ધ્યાને લેતાં આ કામના અરજદાર લાંચની રકમ રૂા.૩૦,૦૦,૦૦૦/- ફરીયાદી પાસેથી માંગણી કરી, સ્વીકારતા પકડાઈ ગયેલા છે અને રેઈડ દરમ્યાન મળી આવેલા છે. જે હકીકત ધ્યાને લેતા હાલના અરજદાર સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ હોય, ગુનાના મુખ્ય આરોપી હોય તેથી લો ઓફ પેરીટીના સિધ્ધાંતનો લાભ આપવો યોગ્ય અને ન્યાયી જણાતું નથી. જેથી આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.
- વિ.સરકારી વકીલશ્રી ની રજુઆત ધ્યાને લેતાં, અરજદાર સામે ચાર્જશીટ રજુ થયેલું છે. તેમજ આ કામના અરજદાર/આરોપી સી.આઈ.ડી. ક્રાઈમ, સી.આઈ.સેલ. યુનીટ-૩, ગાંધીનગર ખાતે જાન્યુઆરી ૨૦૧૮ થી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. આ

તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2017 S.C. 5398, ANILKUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય. જેથી પણ આ તબકકે અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૫.** આમ, ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં, અરજદાર કે જેઓ આર્મ પો.કોન્સ્ટે. તરીકે સી.આઈ.ડી.ક્રાઈમ, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હોય તે દરમ્યાન ખુબજ મોટા પ્રમાણમાં ગેરકાયદેસર નાણાની માંગણી ફરીયાદી પાસેથી કરેલી હોય અને તેના અનુસંધાને રૂા.૩૦,૦૦,૦૦૦/- ની લાંચની રકમ સ્વીકારી, ટ્રેપ દરમ્યાન પકડાઈ ગયેલાનો ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ હોય અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>-:: આખરી હુકમ ::-</u>

(૧) અરજદાર/આરોપી **શ્રી વિપુલભાઈ બાબુભાઈ દેસાઈ,** ઉ.વ.૩૫, વ્યવસાય-નોકરી, રહે. એફ-૨૦૩, શ્રી રંગ નેનો સીટી, ગાંધીનગર નાઓની સામે એ.સી.બી. પોલીસ સ્ટેશન ગાંધીનગર ગુ.ર. નં.૧૬/૨૦૨૫, ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા અધિનિયમ -૨૦૧૮) ની કલમ-૭, ૧૨, ૧૩(૧), તથા ૧૩(૨) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ-**૧૭**[મી] માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ :૧૭-૦૩-૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/